



પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જૂન ૩૦, ૨૦૨૧ • જેઠ વદ ૬, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



Shri Vijay Rupani
Hon'ble Chief Minister
Gujarat State



Shri Nitin Patel
Hon'ble Deputy Chief Minister, Gujarat State



Shri Pradipsinh Jadeja
Hon'ble Minister of State for NRGs (Independent Charge),
Govt. of Gujarat



Shri Dhananjay Dwivedi(I/C), IAS
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



Shri Vikramsinh Jadav
Director
GSNRGF

# ગુજરાત ઇલેક્ટ્રિક વાહન નીતિ-૨૦૨૧ની મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેરાત

ગુજરાત દેશના ઓટોમોબાઇલ હબ તરીકે ખ્યાતિ પ્રાપ્ત રાજ્ય છે. હવે, ગુજરાતને ઇકોફ્રેન્ડલી વાહન વ્યવહારમાં સિમાચિન્હ રૂપ ઇલેકટ્રીક વ્હીકલ હબ બનાવવાના નિર્ધાર સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત ઇલેકટ્રીક વ્હીકલ પોલિસી-૨૦૨૧ની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ પોલિસીની વિગતો આપતા કહ્યું કે, આ નીતિ-પોલિસી દ્વારા ઇ-વ્હીકલની નવી ટેકનોલોજીને પ્રોત્સાહન મળશે તથા ઇ-વ્હીકલના ડ્રાઇવીંગ, વેચાણ, ધિરાણ, સર્વિસીંગ અને ચાર્જિંગ વગેરે ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વૃદ્ધિ થશે. શ્રી રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાત ઇલેકટ્રીક વ્હીકલ પોલિસીમાં મુખ્યત્વે ચાર બાબતો પર વિશેષ ઝોક આપવામાં આવેલો છે. રાજ્યમાં ઇલેકટ્રીક વ્હીકલનો ઉપયોગ વધારવો, રાજ્યને ઇ-વ્હીકલ અને તેને આનુષાંગિક સાધન-સામગ્રીના ઉત્પાદનનું મેન્યૂફેકચરીંગ હબ બનાવવું તેમજ ઇલેકટ્રીક મોબીલીટી ક્ષેત્રે યુવા સ્ટાર્ટઅપ અને રોકાણકારોને પ્રોત્સાહિત કરવા સાથોસાથ વાહનોના ઇંધણના ધૂમાડાથી થતા વાયુ-ધ્વનિ પ્રદૂષણને ઘટાડી પર્યાવરણની રક્ષા કરવી એવા બહુવિધ ધ્યેય આ પોલિસીના છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઇલેકટ્રીક વાહનો મોંઘા છે અને સામાન્ય માનવીને તે પરવડી શકે તેમ નથી તેવી માન્યતા દૂર થાય અને ચાર વર્ષમાં બે લાખ ઇલેકટ્રીક વાહનોના ઉપયોગનો લક્ષ્યાંક વાસ્તવિકતા બને તે માટે રાજ્ય સરકાર ઇલેકટ્રીક વાહનોની ખરીદી માટે વાહનના કિલોવોટ દીઠ રૂ. ૧૦ હજારની સબસિડી આપશે. સમગ્ર દેશમાં ગુજરાત આવી પ્રતિ કિલોવોટ સબસિડી આપવામાં અગ્રેસર રાજ્ય છે એમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. ભારત સરકારની ઇલેકટ્રીક વ્હીકલ પ્રોત્સાહન યોજના ફ્રેમ-૨ અન્વયે મળતા પ્રોત્સાહનો ઉપરાંત રાજ્ય સરકાર તરફથી વધારાની સબસીડી-પ્રોત્સાહન મળશે. (Source : https://cmogujarat.gov.in)

# કોવિડની સંભવિત ત્રીજી લહેરના સામના માટે વરિષ્ઠ સચિવોને જવાબદારીઓ સોંપતા મુખ્યમંત્રીશ્રી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોવિડ-૧૯ની સંભવિત ત્રીજી લહેર સામે રાજ્ય સરકારના આગોતરા આયોજનથી રાજ્યમાં આ લહેરથી ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, આરોગ્ય વ્યવસ્થા સુદ્રઢ બને અને રાજ્યની હોસ્પિટલોમાં બેડ વગેરે વ્યવસ્થાઓનું રીયલ ટાઇમ મોનીટીંગ થાય તેવી સંપૂર્ણ વ્યવસ્થાઓ માટે રાજ્યના વરિષ્ઠ સચિવોને જવાબદારીઓ સોંપી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે પ્રાર્થના કરીએ કે, થર્ડ વેવ આવે જ નહીં, પરંતુ જો આવે તો મૃત્યુ આંક વધે નહીં, સંક્રમિતોને ત્વરિત સારવાર મળે, હોસ્પિટલમાં બેડ, દવા, ઓક્સિજન સહિતની પુરતી વ્યવસ્થાઓ મળે અને તેઓ જલ્દી સાજા થઇને પરત જાય તેવા ત્રેવડા વ્યૂહથી સજ્જ થઇને કાર્ય યોજનાઓ ટાઇમબાઉન્ડ પુરી કરવાની છે. (Source : https://cmogujarat.gov.in)





**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## ડૉ. હસમુખ શાહ BEMને વિઝિટિંગ પ્રોફેસરશીપનું સન્માન



સાઉથ વેલ્સના અગ્રણી GP અને બ્રિટિશ એસોસિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયન ઓરિજિન (BAPIO), વેલ્સના સેક્રેટરી ડૉ. હસમુખ શાહ BEMને પ્રાઈમરી કેર, મેડિકલ એજ્યુકેશન અને વેલ્સ તેમજ રાષ્ટ્રીય સ્તરે લીડરશીપ બદલ યુનિવર્સિટી ઓફ સાઉથ વેલ્સ, યુકે દ્વારા વિઝિટિંગ પ્રોફેસરશીપનું સન્માન પ્રાપ્ત થયું છે. NHSને આપેલી લાંબા સમયની સેવા બદલ તત્કાલીન વડાપ્રધાન થેરેસા મેના હસ્તે ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે તેમને NHS 70 બેજ અપાયો હતો. ડૉ. શાહે ઓલ વેલ્સ કોવિડ-૧૯ રીસ્ક એસેસમેન્ટ ટૂલ અને રેસ ઈક્વાલિટી એક્શન પ્લાનની રચનામાં પોતાના અન્ય સાથીઓ સાથે મળીને વેલ્સ ગવર્નમેન્ટને લીડરશિપ અને સપોર્ટ પૂરા પાડ્યા હતા. તેમણે ઘણાં કોવિડ વેક્સિન વેબીનારનું આયોજન કર્યું હતું.

(Source : www.gujarat-samachar.com)

## કોમ્યુનિટીની સેવા બદલ વિમલ ચોક્સીને MBE એવોર્ડ



ગુજરાતના ભરુચ શહેરના યુવાન વિમલકુમાર ચોકસીએ યુનાઈટેડ કિંગડમમાં બ્રિટિશ સરકારના ત્રણ સર્વોચ્ચ એવોર્ડમાંથી એક મેમ્બર ઓફ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર (MBE) એવોર્ડ મેળવી ભારતને ગૌરવ અપાવ્યું છે. મૂળ ભારતીય અને એશ્ટન કાઉન્સિલમાં કાઉન્સિલર વિમલકુમાર ચોકસી હાલમાં ગ્રેટર માન્ચેસ્ટરમાં રહી સામાજીક કાર્યો કરતા કરતા ત્યાંની લેબર પાર્ટી સાથે જોડાયા હતા. તેમણે ઓલ્ધામ અને એશ્ટન શહેરમાં વિવિધ સામાજીક સંસ્થાઓમાં રહી પોતાની સેવા આપી હતી. ભરુચ જિલ્લાના આમોદના મૂળ વતની વિમલ ચોકસીનો પરિવાર ભરુચમાં સ્થાયી થયેલ છે. વિમલ ચોકસી વિદ્યાનગર ખાતેથી ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં માસ્ટર ડિગ્રી મેળવી વધુ અભ્યાસ માટે તેઓ યુકે ગયા અને બોર્નમાઉથ યુનિ.માંથી ઇન્ટરનેશનલ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની ડિગ્રી મેળવી ઓલ્ધામ કાઉન્સિલમાં જોડાઈ ત્યાં જ સ્થાયી થયા હતા. (Source : www.gujarat-samachar.com)

## ભારતીય અમેરિકન સોહી સંજય પટેલને EPA એવોર્ડ

વર્ચ્યુઅલ રિજનરેશન ઈન્ટરનેશનલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ ફેરમાં યુ.એસ. એન્વાયર્મેન્ટલ પ્રોટેક્શન એજન્સીએ ટેક્સાસના વુડલેન્ડ્સની હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ભારતીય અમેરિકન સોહી સંજય પટેલ પેટ્રિક એચ. હર્ડ સસ્ટેઈનેબિલિટી એવોર્ડ ૨૦૨૧ના વિજેતા બની હોવાની જાહેરાત કરી હતી. આ એવોર્ડમાં વિજેતાને EPAના નેશનલ સસ્ટેઈનેબિલિટી ડિઝાઈન એક્સ્પોની મુલાકાતે જવા માટે ફંડ અપાય છે. પ્રોજેક્ટમાં તેમણે હાઉસિંગ ઈન્સ્યુલેશન અને અન્ય ઉપયોગમાં લઈ શકાય તેવું પોલીયુરેથેન ફોમ વિક્સાવ્યું છે. આ ફેરમાં ૫ મિલિયન ડોલરના એવોર્ડ્ઝ અને સ્કોલરશિપ્સ માટે સ્પર્ધા કરી રહેલા ૬૪ દેશોના ૧,૮૩૩ ફાઈનલિસ્ટ્સે નવા પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ભારતમાં ૧૯૮૪ની ભોપાલ ગેસ દુર્ઘટનાની થયેલી અસરમાંથી સોહી પટેલને આ પ્રોજેક્ટની પ્રેરણા મળી હતી.

(Source : www.indiawest.com)

## કોલફિલ્ડ ગુજરાતી સમાજ દ્વારા યોગાભ્યાસ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ઝારખંડના ધનબાદ સ્થિત કોલફિલ્ડ ગુજરાતી સમાજ દ્વારા એક ઓનલાઇન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી સમાજનાં ઘણા લોકોએ યોગાભ્યાસમાં ભાગ લીધો હતો. સમાજ સાથે સંકળાયેલા લોકો પોતપોતાના ઘરેથી આ ઓનલાઇન પ્રસારિત કાર્યક્રમ દ્વારા યોગ આસનો શીખ્યા હતા. કોલફિલ્ડ ગુજરાતી સમાજના પ્રમુખ દિપક ઉદાનીએ આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ લોકોનો આભાર માન્યો હતો.

(Source : www.livehindustan.com)



## ચીખલીની યુવતી અમેરિકન નેવીમાં નિમણૂંક પામી



અમેરિકાને કર્મભૂમિ બનાવનારા ગુજરાતીઓ હવે ત્યાં પણ અલગ - અલગ ક્ષેત્રોમાં પોતાનો ડંકો બજાવી રહ્યા છે. આ સ્થિતિમાં અમેરિકાના મિસિસિપી ખાતે રહેતા પોતાના નાના અને નાનીના ઘરે ઉચ્ચ અભ્યાસ માટે પહોંચેલી ચીખલીના વાંઝણા ગામની પુત્રીએ ત્યાં જ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ યુએસ નેવીમાં જોડાવવાનો નિર્ણય કર્યો હતો. એક તો યુએસ નેવીની દુનિયાભરમાં સૌથી સખત ગણાતી ટ્રેનિંગ અને તેમાં પણ યુવતી હોવાને કારણે શરૂઆતમાં આ પરિવારને પુત્રીના નિર્ણય પર થોડી શંકા-કુશંકા હતી. પરંતુ ઉત્સાહ અને અદમ્ય સાહસની પાંખો સાથે મૈત્રી પટેલે દસ સપ્તાહની સખ્ત ટ્રેનિંગમાંથી પસાર થઈને અંતે યુએસ નેવીમાં સેઈલર પદે નિમણૂંક મેળવી હતી. જેથી પરિવારની સાથે ત્યાં વસતા ગુજરાતીઓએ પણ અભિનંદન આપી આનંદ વ્યક્ત કર્યો હતો. (Source : www.divyabhaskar.co.in)

## વારાણસીના ખેડાવાલ ગુજરાતી સમાજ દ્વારા રક્તદાન

૨૦મી જૂન ૨૦૨૧એ ઉત્તર ઝોન બાજ ખેડાવાલ ગુજરાતી સમાજના સભ્યોએ રક્તદાન કર્યું હતું. વારાણસીની શિવપ્રસાદ ગુપ્તા હોસ્પિટલમાં યોજાયેલ રક્તદાન શિબિરમાં સમાજના લોકોએ ૨૫ યુનિટ રક્તદાન કર્યું હતું જેમાં ગુજરાતી સમાજના મહાસચિવ ઋષિકાંત ભટ્ટ, અંકુર ઠાકુર, અમિત ભટ્ટ, આનંદશંકર પંડ્યા, નીરજ પંડ્યા, અખિલ જોશી, રાજ કૃષ્ણ મહેતા વગેરેનો સમાવેશ થાય છે. (Source : www.livehindustan.com)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન




અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.


આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.


- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





## ડાયસ્પોરા બાળકો માટે સ્કૉલરશીપ કાર્યક્રમો
## SCHOLARSHIP PROGRAMMES FOR DIASPORA CHILDREN




### હેતુ

ભારત સરકાર દ્વારા ઓવરસીઝ ભારતીયોના બાળકોને ભારતમાં જ ઉચ્ચ શિક્ષણ સુલભ કરાવવા માટે તથા ભારતને ઉચ્ચ શિક્ષણ આપતાં કેન્દ્ર તરીકે પ્રમોટ કરવાના હેતુસર આ યોજના શરૂ કરવામાં આવી છે.

### યોજનાનો લાભ કોને મળે છે ?

આ યોજનાનો લાભ ૧૦૦ જેટલા PIO/NRIઓને Undergraduate મેડીકલ અને તેને સંબધિત અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો જેવા કે એન્જીનીયરીંગ, ટેકનોલોજી, માનવ-વિદ્યાઓ, કોમર્સ, આર્ટસ, મેનેજમેન્ટ, જર્નાલિઝમ, હોટેલ મેનેજમેન્ટ, ખેતી, પશુ પાલન વગેરે માટે વાર્ષિક ૪૦૦૦ US$ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ ભારતીય ડાયસ્પોરાની પૂરતી વસતી હોય તેવા ૪૦ જેટલા દેશોના PIO/NRIઓ માટે છે.

### યોજનાના અમલીકરણ માટે જવાબદાર એજન્સી ?

ભારતીય મિશન

**આ યોજનાની વધુ માહિતી મેળવવા માટે લોગ ઓન કરો : http://mea.gov.in/spdc.htm**

## અનઅધિકૃત એજન્ટોથી ચેતો અને ભારત સરકાર દ્વારા માન્ય રીક્રુટીંગ એજન્ટ થકી જ વિદેશમાં રોજગારી અર્થે જવાની પ્રક્રિયા કરો

- ઇમીગ્રેશન એક્ટ ૧૯૮૩ હેઠળ ભારત સરકાર દ્વારા વિદેશમાં રોજગારી અર્થે નાગરિકોને મોકલવા માટે ભરતી કરનાર એજન્ટો (રીક્રુટીંગ એજન્ટો) અધિકૃત કરી તેના નિયમો બનાવવામાં આવેલ છે.
- પરદેશમાં અને તેમાં પણ ખાસ કરીને ગલ્ફ દેશોમાં કુશળ, અર્ધકુશળ અને અકુશળ કારીગરોની માંગણી રહે છે. દર વર્ષે સાતથી આઠ લાખ ભારતીય કારીગરો વિદેશમાં જાય છે. પરંતુ તેઓની સુરક્ષા અંગે કોઇ ખાતરી નથી. કારણ કે, કારીગરો બે પ્રકારના એજન્ટો દ્વારા આ દેશોમાં જાય છે. (૧) ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents અને (૨) ગેરકાયદેસર Recruiting Agents.
- ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે ગયેલ કારીગરોને કોઇ પ્રશ્નો ઊભા થાય તો ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા સંપૂર્ણ મદદ થાય છે. પરંતુ ગેરકાયદેસર Recruiting Agents મારફતે ગયેલ કારીગરોના પ્રશ્નો હલ કરવા ઘણા મુશ્કેલ બની જાય છે. કારણ કે તેઓને Recruiting Agents દ્વારા ઘણી છેતરામણી, લોભામણી વાતો કરી લઇ જવામાં આવે છે અને ત્યાં વાસ્તવિકતા અલગ જ હોય છે.
- ભારત સરકાર દ્વારા કારીગરોની નોકરી અંગે જે કાયદેસરના Recruiting Agents નીમાયેલ છે. તેમાં ગુજરાતમાં ૯ રજીસ્ટર્ડ Recruiting Agents કાર્યરત છે. આ બાબતની જાગૃત્તિ લાવવા માટે ગુજરાત સરકાર વતી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાને વર્તમાન પત્રોમાં અંગ્રેજી અને ગુજરાતીમાં રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે જ પરદેશ નોકરીની કાર્યવાહી હાથ ધરવા જાહેરાત આપેલ છે અને રજીસ્ટર્ડ Recruiting Agents ની યાદી તથા વધુ વિગતો માટે ભારત સરકારની વેબસાઇટ www.emigrate.gov.in ની મુલાકાત લેવી.

**વિદેશમાં રોજગારી અર્થે કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ભરતી કરનાર એજન્ટ (રીક્રુટીંગ એજન્ટ) થકી જાવ અને છેતરીપીંડીથી બચો.**




# બનાસકાંઠાના નડાબેટમાં ભારત-પાક સરહદે શરૂ થશે બોર્ડર ટુરિઝમ




પંજાબના અમૃતસર ખાતે વાઘા-અટારી બોર્ડર પર યોજાતા રિટ્રીટની જેમ હવે ગુજરાતમાં પણ સરહદ દર્શનનું આયોજન કરાયું છે. ભારત પાકિસ્તાન સરહદે બનાસકાંઠાના છેવાડાના વિસ્તાર નડાબેટ ખાતે 'સીમાદર્શન'નો પ્રોજેક્ટ સમગ્રતયા અંદાજિત ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહ્યો છે અને આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ પહેલા પૂર્ણ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટ અન્વયે ગુજરાત પ્રવાસન નિગમે નડેશ્વરી માતાના મંદિર પાસે વિસામોની કામગીરી પૂર્ણ કરી છે. એટલું જ નહીં, નડેશ્વરી મંદિરથી સીમાદર્શન માટેના ઝીરો પોઇન્ટ સુધી જવાના માર્ગ પર ટી જંકશન પાસે વિવિધ યાત્રી સુવિધાના કામો અલગ-અલગ ચાર ફેઝમાં હાથ ધરાઇ રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ૧૭મી જૂને નડાબેટ પહોંચ્યા હતા અને નડેશ્વરી માતાના દર્શન-પૂજન કરી આ પ્રોજેક્ટના વિવિધ કામો નિહાળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ કામોમાં ફેઝ-૧ના કામો જે અંદાજે રૂ. ૨૩ કરોડના ખર્ચે પૂર્ણતાને આરે છે તે કામો અને યાત્રી સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કરી સંપૂર્ણ વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન મંત્રીશ્રી સાથે બીજા ફેઝના કુલ ૩૨ કરોડના ખર્ચે નિર્માણાધિન વિકાસ કામોનું પણ નિરીક્ષણ કર્યુ હતું. આ બીજા ફેઝના કામોમાં અજય પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એક્ઝીબીશન સેન્ટર અને સરહદ સલામતીની વિશિષ્ટ પ્રતિકૃતિ સમાન ગેઇટના કામો હાલ ચાલી રહ્યા છે. ફેઝ-૧માં જે કામો હાથ ધરાયા છે તેમાં પ્રવાસીઓના આગમન માટેનો આગમન પ્લાઝા, પાર્કિંગ, ઓડિટોરિયમ રિટેઇનીંગ વોલ અને પીવાના પાણીની સુવિધા તેમજ ટોયલેટ બ્લોકસના કામો પૂર્ણ થઇ ગયા છે. આ પ્રવાસન સ્થળને સૌર ઊર્જાથી પ્રકાશિત કરવા ૧૪ જેટલા સોલાર ટ્રી લગાવવાની કામગીરી પણ સીમાદર્શન-બોર્ડર ટુરિઝમ પ્રોજેક્ટમાં હાથ ધરવામાં આવી છે. સીમાદર્શન માટે આવનારા સૌ પ્રવાસીઓ આપણા સુરક્ષાદળો-સેનાની સજ્જતાથી સુપરિચિત થાય તે માટે ટી જંકશનથી ઝીરો પોઇન્ટ સુધીના માર્ગ પર પ્લેટફોર્મ બનાવીને સરફેસ ટુ સરફેસ મિસાઇલ, સરફેસ ટુ એર મિસાઇલ, ટી-૫૫ ટેન્ક, આર્ટીલરી ગન, ટોરપીડો, વિંગ ડ્રોપ ટેન્ક અને મિગ-૨૭ એરક્રાફ્ટ ડિસપ્લે કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત દરમ્યાન જણાવ્યું કે, નડાબેટ સીમાદર્શન કાર્યક્રમ બોર્ડર ટુરિઝમ ક્ષેત્રે વિશ્વના પ્રવાસન નકશે ગુજરાતને આગવું સ્થાન અપાવશે. એટલું જ નહિ, આ સ્થળની મુલાકાતે આવનારા પ્રવાસીઓ આપણા સુરક્ષાબળોની જવાંમર્દી, રાષ્ટ્રપ્રેમ ભાવનાના ઇતિહાસથી ગૌરવાન્વિત થશે. પ્રવાસન પ્રવૃત્તિ વધતાં સ્થાનિક રોજગારીની તકોનું પણ સર્જન થશે એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ૨૦૧૬ના ડિસેમ્બર મહિનાના અંતિમ સપ્તાહમાં નડાબેટ ખાતેના આ બોર્ડર સિક્યુરિટી ફોર્સના ઝીરો પોઇન્ટને સીમાદર્શન તરીકે ખુલ્લો મૂકીને તેને બોર્ડર ટુરિઝમની આગવી ઓળખ આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સીમાદર્શન કાર્યક્રમ અન્વયે રાજ્યના અને રાજ્ય બહારના પ્રવાસન પ્રેમીઓને નડાબેટ ઝીરો પોઇન્ટ ખાતે ભારતીય સીમા સુરક્ષા દળ દ્વારા આપણા દેશના સિમાડા સાચવવાની અને રક્ષા કરવાની રોમાંચક કામગીરી પ્રત્યક્ષ નિહાળવાની તક મળે છે. ભારત-પાકિસ્તાન બોર્ડરની મુલાકાત લઇને તેમજ સીમા સુરક્ષા દળ દ્વારા કરવામાં આવતી રિટ્રીટ સેરીમની નિહાળીને દેશભક્તિ-રાષ્ટ્રભાવનાની અનોખી ચેતના અહીં આવનારા પ્રત્યેક પ્રવાસીમાં ઊજાગર થાય તેવા શૌર્યસભર દ્રશ્યો અહીં સર્જાય છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સમગ્ર સ્થાનને બોર્ડર ટુરિઝમ તરીકે વિકસાવવા માટે પ્રવાસન વિભાગને પ્રેરિત કરતાં રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગ, પ્રવાસન વિભાગ અને સીમાસુરક્ષા દળના સંકલનમાં આ પ્રવાસન સ્થાનનો બહુવિધ વિકાસ થઇ રહ્યો છે.

(Sources : https://cmogujarat.gov.in, www.indiatoday.in)

# ઈડરિયા ગઢ પર ૨,૨૦૦ વર્ષ જૂના શ્વેતાંબર દેરાસરમાં દેશની એક માત્ર તબલાં વગાડતી નૃત્યાંગનાની મૂર્તિ

આમ તો વૈદિકકાળથી જ તબલા ભારતીય સંગીતનો હિસ્સો હોવાનું મનાય છે. વિવિધ પૌરાણિક કથાઓમાં તબલાના તાલે અપ્સરાઓ નૃત્ય કરતી હોવાના વર્ણનો મહાકવિઓએ કર્યા છે. જોકે, ખરેખર દસ્તાવેજના આધારે તબલાનો ભારતીય સંગીતમાં હિસ્સો ક્યારે ગણાયો એ અંગે અનેક મતમતાંતરો પ્રવર્તે છે. એ મતાંતરોની વચ્ચે તબલાના ઈતિહાસ પર એક રસપ્રદ સંશોધન એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાની પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીના અધ્યાપક ડૉ. ગૌરાંગ ભાવસારે કર્યું છે, જેમાં અમીર ખુશરોએ તબલાના આધુનિક સ્વરૂપની શોધ કરી હોવાની સ્થાપિત માન્યતાનું ખંડન કરવામાં આવ્યું છે. ઈડર ગઢની મુલાકાતે આવનારા પ્રવાસીઓને કદાચ એ વાત ખબર નહીં હોય કે તબલા એ ભારતીય સંગીતનો આગવો હિસ્સો છે તેનો એકમાત્ર પુરાવો ઈડર ગઢ પર આવેલા જૈન શ્વેતાંબર મંદિરમાં આવેલી એક મૂર્તિ છે.

કેટલાંક વિદ્વાનોના મત પ્રમાણે હાર્મોનિયમ, તબલા અને વાયોલિન જેવા વિદેશી વાદ્યો ૧૮૧૦માં અરબસ્તાનથી ભારતમાં આવ્યા હતા. તબલા અરબસ્તાનમાં અતલબ તરીકે ઓળખાતા હતા અને ભારતમાં તેનું નામ બદલાઈને તબલા થયુ હતું. ભરતકાલીન દુક વાદ્યમાંથી પણ તબલાની ઉત્પત્તિ થઈ હોવાનુ કેટલાક નિષ્ણાતોનુ માનવુ છે. કેટલાક જાણકારો મહારાષ્ટ્રના પ્રાચીન વાદ્ય સમ્બલમાંથી તબલાની ઉત્પત્તિ થઈ હોવાનું માને છે તો કેટલાક પંજાબ પ્રાંતના દુક્કડ વાદ્યમાંથી તબલા બન્યા હોવાનો મત ધરાવે છે. આજે પણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં તબલાની જોડીને દોકડ કહેવામાં આવે છે. ઘણાં સંશોધકો સુધારખાં નામના કલાકારને પણ તબલાના આવિષ્કર્તા માને છે. સૌથી વધારે પ્રચલિત ઈતિહાસ પ્રમાણે તબલાના શોધક અલાઉદ્દીન ખિલજીના દરબારી કવિ હજરત અમીર ખુશરો હતા. ૧૮૫૫માં મોહમ્મદકરમ ઈમામ દ્વારા લખાયેલા પુસ્તક મઅદન-ઉલ-મુસીકીમાં તબલાના શોધક તરીકે અમીર ખુશરોનું નામ છે. ૧૧મી સદીથી ૧૭મી સુધી સરવાળે તબલાને વ્યાપક પ્રસિધ્ધિ મળી ન હતી અને લોકસંગીત પુરતા જ મર્યાદિત રહ્યા હતા. એ પછી તબલા રાજા મહારાજાના દરબારોની મહેફિલની શોભા બનવા માંડ્યા હતા.



તબલા પર પીએચડી કરનારા ડૉ. ભાવસારે તબલાના ઇતિહાસને સર્વસામાન્ય માન્યતાઓ કરતા અલગ પ્રકારે રજુ કર્યો છે. તેમનું કહેવું છે કે આજે પણ સંગીતના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે કે તબલા અમીર ખુશરોએ શોધ્યા હતાં. હકીકત એવી નથી. તબલાનો ઈતિહાસ ભારતની પ્રાચીન સંસ્કૃતિ સાથે જોડાયેલો છે અને આધારભૂત પુરાવાની રીતે પણ જોઈએ તો તબલાનું ભારતમાં અસ્તિત્વ ઓછામાં ઓછુ ૧૦૦૦ વર્ષ જૂનું છે.



ગુજરાતના ઈડરના એક જૈન દેરાસરના શિલ્પના આધારે કહી શકાય કે તબલાનું વર્તમાન સ્વરૂપ જ નહીં તબલા વગાડવાની હાલની શૈલી પણ ભારતમાં ૧૦૦૦ વર્ષ પહેલાથી જ હતી. ઐતિહાસિક ઈડર ગઢ પર આવેલા ૨૨૦૦ વર્ષ જુના ભગવાન શાંતિનાથના જૈન શ્વેતાંબર દેરાસરમાં એક નૃત્યાંગનાની મૂર્તિ તબલા વગાડતી હોય એવું દેખાય છે. એ શિલ્પમાં શિલ્પકારે દર્શાવ્યું છે કે મહિલાના હાથમાં તબલા છે અને એ તબલાને થાપ આપી રહી છે. ઈડરના પ્રાચીન જૈન પુસ્તકાલયમાં રહેલી વર્ધમાન સ્વરૂપચંદ શાહ નામના શ્રેષ્ઠીએ લખેલી હસ્તપ્રત કહે છે કે આ દેરાસર સંપ્રતિ રાજાએ બંધાવ્યું હતું અને ઈસ ૧૧૧૪થી ૧૧૭૪માં રાજા કુમારપાળે આ દેરાસરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. તે સમયે શિલ્પકારે તબલા વગાડતી મહિલાનું શિલ્પ બનાવ્યું હોવું જોઈએ જે આજે ય આ જૈન મંદિરની દીવાલ પર કોતરાયેલું જોવા મળે છે.

ઈડરિયા ગઢ પર આવેલા ૨૨૦૦ વર્ષ જૂના જૈન શ્વેતાંબર મંદિરમાં એક મૂર્તિ આજે પણ સચવાયેલી છે. એક નૃત્યાંગનાની મૂર્તિ તબલા વગાડતી હોય તેવી મૂર્તિ મંદિરમાં છે અને આ મૂર્તિ આધારે જ સંશોધન થયું છે કે તબલાનો ઇતિહાસ એક હજાર વર્ષથી પણ વધુ જૂનો છે. એ વાત પણ હકીકત છે કે તબલા પર દેશમાં અત્યાર સુધી આ એક માત્ર સંશોધન થયું છે.

(સંદર્ભ : ગુજરાત સમાચાર, તા.૮.૬.૨૦૨૧)

# ગુજરાતનો સૌથી લાંબો એલિવેટેડ બ્રિજ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાંથી નેશનલ હાઇવે પસાર થાય છે, જેને કારણે ટ્રાફિકની મોટી સમસ્યા સમગ્ર બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના તાલુકાઓ ભોગવી રહ્યા હતા. ત્યારે ડીસામાં ૧૦૭ સિંગલ પિલર પર ફ્લાય-ઓવર બ્રિજ લોકાર્પણ માટે તૈયાર થઈ ગયો છે. આ બ્રિજથી ડીસા શહેર તેમજ આજુબાજુના તાલુકાઓમાં ટ્રાફિક સમસ્યાનો અંત આવશે.



સરહદી વિસ્તારના વાવ, થરાદ, સુઈગામ, ભાભર, કાંકરેજ, દિયોદર, ધાનેરા આ તમામ તાલુકાઓમાંથી જ્યારે મુખ્ય મથક પાલનપુર આવવું હોય ત્યારે ડીસાના ભારેખમ ટ્રાફિકમાંથી પસાર થવું પડતું. શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈવેને કારણે અનેક વાર અકસ્માતો થતા હતા. આ બાબતને ગંભીરતાથી લઇ નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા ડીસા શહેરની મધ્યમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર ૩.૭૫૦ કિલોમીટર લાંબો વિધાઉટ લુક એલિવેટેડ બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ બ્રિજને કારણે ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેમજ કંડલા અને મુન્દ્રા પોર્ટ પર જતાં વાહનોને ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે.

આકાશી દ્રશ્યમાં સાપના લીસોટા જેવો લાગતો આ બ્રિજ બનાસકાંઠાના ડીસા શહેરની મધ્યમાંથી પસાર થતા નેશનલ હાઇવે નં.૨૭ ઉપર બનેલો ગુજરાતનો સૌથી લાંબો એલીવેટેડ બ્રિજ છે જે ગુજરાતના પોરબંદર અને આસામના સિલચરને જોડતા ઇસ્ટ-વેસ્ટ કોરીડોરનો ભાગ છે. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા રૂ. ૨૨૨ કરોડના ખર્ચે માત્ર બે વર્ષમાં તૈયાર કરાયેલા ૩.૭૫૦ કિલોમીટર લાંબા આ કોરીડોરમાં ડીસા શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ચાર લેન ઉપર અને ચાર લેન નીચે તેમજ બે લેનવાળા બંને તરફ સર્વિસ રોડ બનાવાયાં છે. આ બ્રિજ ૧૦૭ પિલર પર ઊભો કરાયો છે. અનોખી ટેક્નિકથી તૈયાર કરાયેલા આ પુલ ઉપર તાજેતરમાં કંડલા પોર્ટનો કોમર્શિયલ તેમજ ઓવરલોડ વાહનો સહિતનો સફળ ટ્રાયલ રન થઇ ચૂક્યો છે. એલીવેટેડ કોરીડોર એટલે કે નીચેના રસ્તાને જે-તે સ્થિતિમાં ઊંચો કરવો, જે આ પુલની મુખ્ય ખાસિયત છે. આ નવીન બનેલ પુલનું ટૂંક સમયમાં ઓપનિંગ કરીને તેને ખુલ્લો મુકવામાં આવશે. ૨૨૨ કરોડ રૂપિયાના ખર્ચે આ બ્રિજનું નિર્માણ કરાયુ છે જેની લંબાઈ ૩.૭૫૦ કિલોમીટર અને પહોળાઇ ૨૦.૨૦૦ મિટર છે. આ બ્રિજમાં ૮૦ હજાર ઘનમીટર કોંક્રિટ અને ૧૦૫૦૦ ટન સ્ટીલનો જથ્થો વાપરવામાં આવ્યો છે. ગુજરાતના સૌથી લાંબા એલિવેટેડ કોરિડોર તરીકે આ બ્રિજ પર ૧૦૦ કિમી પ્રતિ કલાકની સ્પીડે વાહન જઈ શકશે.

(Sources : https://sandesh.com, www.divyabhaskar.co.in)



# પ્રભાસ ક્ષેત્રના સૂર્યમંદિરો

સોમનાથનું ઐતિહાસિક મંદિર જે ભૂમિ પર ઉભું છે, એ વિસ્તાર પ્રભાસ ક્ષેત્ર તરીકે ઓળખાય છે. નામ પ્રમાણે જ આ આખું ક્ષેત્ર એટલે કે વિસ્તાર છે અને ભગવાન શ્રીકૃષ્ણએ તેમના અંતિમ દિવસો અહીં પસાર કર્યા હોવાથી એ પવિત્ર મનાય છે. મહંમદ ગઝનવીએ વારંવાર સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે સોમનાથ મંદિર ઉપરાંત આસપાસના તમામ ધાર્મિક સ્થળો તોડી પાડ્યા હતા. સોમનાથ પરના આક્રમણનો એ કલંકિત ઈતિહાસ જગજાહેર છે.

અહીં આવતા મોટા ભાગના લોકો સોમનાથ મંદિર અને આસપાસના સ્થળો જોઈને રવાના થતાં હોય છે. હકીકતે અહીં ઘણા સૂર્ય મંદિરો છે. એક સમયે તો ૧૬ સૂર્યમંદિર હતા. પરંતુ આજે તેમાંથી ઘણાખરાના અવશેષોય રહ્યા નથી.

સ્કંધ પુરાણ જે સમયમાં લખાયો ત્યારે સોમનાથ - પ્રભાસખંડમાં સૂર્ય દેવતાના ૧૬ મંદિરો હતાં. સૂર્યનું એક નામ ભાસ્કર પણ કહેવાય છે તો પ્રભાસ એક સમયે ભાસ્કર તીર્થ તરીકે પણ ઓળખાતું, જે નામ સૂર્યવંશી આર્યો અહીં સમુદ્ર માર્ગે આવી સ્થિર થયા તે વખતે અપાયું હતું.

ભારત વન પર્વ અધ્યાય ૮૨માં જણાવાયેલ મુજબ સૂર્ય આ પ્રદેશમાં પોતાની પુર્ણ કળાએ પ્રકાશિત થતો હતો અને સૂર્યની એ સોળ કળાઓ પૈકી બાર કળાઓ સૂર્ય મંદિરમાં રાખી અને ચાર કળા પોતાની પાસે રાખી જેનો ઉલ્લેખ પ્રભાસખંડમાં કરાયો છે. તેવાં બાર સૂર્ય મંદિરો વેદકાળમાં હતાં જે કાળક્રમે લુપ્ત થયાં છે અને હાલ ત્રણ-ચાર જેટલાં સૂર્ય મંદિરો હજુ યે યથાવત છે. તે સમયે ઊંચા મકાનો આ મંદિરોની આસપાસ ન હોવાને કારણે સૂર્યોદયના પ્રથમ સીધા કિરણો તેની ઉપર પડતાં.



ભીમદેવળ સૂર્યમંદિર

ઇતિહાસકાર સ્વ. શંભુપ્રસાદભાઇ દેસાઇએ 'પ્રભાસ - સોમનાથ'માં ઉલ્લેખ કર્યા મુજબ પ્રભાસ ક્ષેત્રમાં નીચેના ૧૬ સૂર્યમંદિરો અસ્તિત્વમાં હતા.




(૧) સાંમ્બાદિત્ય સૂર્ય મંદિર ત્યાં હાલ મ્યુઝીયમ છે જે સોમનાથ મંદિરથી ઉત્તર દિશાએ શાકમાર્કેટ પાસે છે.

(૨) સાગરાદિત્ય સૂર્ય મંદિર (હાલ છે, તે ત્રિવેણી સંગમના માર્ગે આવેલ છે)

(૩) ગોપાદિત્ય સૂર્ય મંદિર (હાલ નથી)

(૪) ચિત્રાદિત્ય સૂર્ય મંદિર (હાલ નથી)

(૫) રાજ ભટ્ટાક સૂર્ય મંદિર (હાલ નથી)

(૬) નાગરાદિત્ય સૂર્ય મંદિર (વર્તમાન ટીંબા પાસે જુનુ મંદિર)




સુત્રાપાડા સૂર્યમંદિર

(૭) નંદા દિત્ય સૂર્ય મંદિર (હાલ નથી),

(૮) કંર્કોટ કાક સૂર્ય મંદિર (હાલ નથી),

(૯) દુર્વા આદિત્ય સૂર્યમંદિર (હાલ નથી),

(૧૦) મુળ સૂર્યમંદિર (સુત્રાપાડામાં છે, નવદુર્ગા મંદિર કહેવાય છે),

(૧૧) પર્ણાદિત્ય સૂર્ય મંદિર (ભીમદેવળ - હાલ છે.) પર્ણાદિત્ય સૂર્યમંદિર તાલાલા તાલુકાના ભીમદેવળ ગામની સીમમાં સૂર્ય સમર્પિત ઈ.સ. ૯મી સદીનું છતવાળું પ્રવેશદ્વાર ધરાવતું પૂર્વાભિમુખ સૂર્યમંદિર છે. એના ગર્ભગૃહના પ્રવેશદ્વારે સૂર્ય પત્ની રજની અને નિશપ્રભાની ઉભેલી પ્રતિમાઓ છે અને ભીમદેવળનું આ ગામ પાંડવપુત્ર ભીમે વસાવેલ હોવાનું કહેવાય છે.

(૧૨) બાર્લાક સૂર્ય મંદિર (હાલ નથી),

(૧૩) આદિત્ય સૂર્ય મંદિર (હાલ છે),


(૧૪) મકલ સૂર્ય મંદિર (હાલ નથી),

(૧૫) બકુલા દિત્ય સૂર્ય મંદિર (હાલ નથી),

(૧૬) નારદાદિત્ય સૂર્ય મંદિર (હાલ નથી).

નાગરાદિત્ય સૂર્ય મંદિર : પ્રભાસ પાટણથી દક્ષિણ-પૂર્વમાં ચારેક કિલોમીટર દૂર નગરાના ટીંબા તરીકે ઓળખાતો વિસ્તાર આવેલો છે.





અહીં પવિત્ર હિરણ નદી પણ વહે છે. તેના કાંઠે આવેલા આ વિસ્તારમાં મોટા પાયે ઉત્ખનન કરવામાં આવ્યું હતું. પ્રભાસ પાટણના આ પ્રાચીન ટીંબાનું ઉત્ખનન કાર્ય ગુજરાતના આર્કિયોલોજિસ્ટ પી.પી.પંડ્યાએ ૧૯૫૬-૫૭ દરમિયાન કર્યું હતું. તેમની સાથે આ કામગીરીમાં વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના પ્રોફેસર બી.સુબ્બારાવ પણ જોડાયા હતા. એ વખતે જ અહીંથી નાગરાદિત્ય સૂર્ય મંદિરના અવશેષો મળી આવ્યા હતા. મંદિર તો લગભગ સાતસો વર્ષ જૂનું છે, પણ સમગ્ર વિસ્તારનો ઈતિહાસ ત્રણેક હજાર વર્ષ પાછળ જાય છે. એ દરમિયાન વાસણો સહિતના અનેક અવશેષો મળી આવ્યા હતા. કેટલાક વાસણો તો આખા ભારતમાં પ્રથમવાર અહીં જ જોવા મળ્યા હતા. માટે તેમને 'પ્રભાસ વેર' (પ્રભાસક્ષેત્રમાંથી મળેલા વાસણના અવશેષો) નામ આપવામાં આવ્યું હતું. વિદ્વાનોના મતે જ્યાં યાદવાસ્થળી થઈ એ જગ્યા આ ટીંબા પર જ હતી.

સોમનાથ-પ્રભાસપાટણના ભાસ્કર વૈદ્ય કહે છે કે સોમનાથના ત્રિવેણી સંગમ સામે આવેલ શારદા મઠના પાછળના ભાગે આવેલ એક ભવ્ય સૂર્યમંદિર આજે પણ છે અને વલ્લભીકાળનું આ મંદિર ૧૩મી ૧૪મી સદી દરમિયાન જિર્ણોધ્ધાર પામ્યું હોવાનું કહેવાય છે. તો એક વાયકા મુજબ યજુર્વેદાચાર્ય યાજ્ઞવલ્કય મહર્ષિએ સોમનાથમાં તપસ્યા કરી હતી અને આ રીતે તેમણે ભગવાન સૂર્યનારાયણની તપસ્યા કરી યજુર્વેદ મેળવ્યો હતો. તેમણે પ્રભાસના હિરણ-સરસ્વતી અને કપિલા નદીના સંગમ ઉપર સૂર્યનારાયણની અર્ધવર્તુળાકાર દ્વાદશ મૂર્તિ સ્થાપી અને તે પછી વિશ્વામિત્ર સરોવરમાં મૂર્તિ સાથે ઉભા રહી તપશ્ચર્યા કરી અને શ્રાવણ સુદ પૂર્ણિમાએ મધ્યાંહે તેમને સૂર્યનારાયણ પ્રસન્ન થયા હતા અને વરદાન આપ્યું હતું. યાજ્ઞવલ્કયે કરેલી સૂર્યનારાયણની સ્તુતિ વિષે સૂર્ય સ્તોત્રમાં ઉલ્લેખ મળે છે.



સૂર્યને સમર્પિત એવા મકરસંક્રાંતિના મહાપર્વે સોમનાથ મહાદેવને પ્રતિવર્ષ સવારે વિવિધ દ્રવ્યોથી સ્નાન સાથે સૂર્યપૂજા અને મહાપૂજા થાય છે. વેરાવળ સર્વગ્રહના ઉલ્લેખ મુજબ વેરાવળના વખારિયા બજારમાં સૂરજકુંડની જગ્યા આવેલી છે જે હાલ પણ છે. આમ, પ્રભાસ ક્ષેત્રનો ઈતિહાસ સૂર્યવંશી રાજવીઓ સાથે પણ જોડાયેલો છે.

(Sources & Photo Courtesy : www.gujaratsamachar.com, https://dailygujarat.in, www.gstv.in, www.justdial.com)